શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક-૮ (કુલ માર્ક્સ-૫૦)**

અભ્યાસ ક્રમ – **સમાધિતંત્ર : ગાથા ૮૬ થી ૯૫**

---

પરીક્ષાર્થીનું નામ : ............................................................... ઉંમર : ......................

મંડળનું નામ : ................................................ ગામનું નામ : ......................

ફોન નં.: .................................................... તા. ૧-૦૨-૨૦૨૨

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર શાસ્ત્ર પર આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **૧૦**

(૧) બાહ્ય વેષ મોક્ષનું કારણ શા માટે નથી ?

(૨) આત્મા અને શરીરના સંયોગ સંબંધનો ભેદ નહિ જાણનારને શેનો ભ્રમ વર્તે છે ?

(૩) અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો થાય તેનો નાશ કઈ રીતે કરવો ?

(૪) રાગની ઉત્પત્તિનું કારણ શું છે ?

(૫) જે પુરુષને આત્મહિતની પ્રવૃત્તિ પ્રવર્તે છે, તે પુરુષ તે વિષયથી ચ્યુત શા માટે થતો નથી ?

**પ્રશ્ન-૨ : નીચેની ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.** **૧૦**

(૧) જેને ઉત્તમ સ્વરૂપ, સંવેદનમાં વિકસિત થતું જાય છે તેને ઇન્દ્રિય વિષયો પ્રતિ .................નો ભાવ પ્રવર્તે છે. (લીનતા, ઉદાસીનતા, સુખબુદ્ધિ)

(૨) જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી જ્ઞાનીને બે ધારા રહે છે, શુભાશુભ કર્મધારા અને................. (શુદ્ધધારા, અશુદ્ધધારા, જ્ઞાનધારા)

(૩) અઠ્યાવીસ મૂળગુણ આદિ બાહ્યલિંગથી.................. થાય તેમ માને તે મિથ્યાદષ્ટિ છે. (મોક્ષ, પુણ્ય, સંસાર)

(૪) શરીર અને આત્માના સંયોગ સંબંધને લીધે અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની ક્રિયા ............. કરે છે. (પુદ્‌ગલ, કર્મ, જીવ)

(૫) જ્ઞાનીને આત્મસ્વરૂપનાં દઢતર અભ્યાસને લીધે જ્ઞાન ચેતનાનું પરિણમન હોવાથી કર્મ.................... કરે છે.
(નિર્જરા, બંધ, ઉદીરણા)

**પ્રશ્ન-૩ : નીચેનાં પ્રશ્નોનાં સાચા જવાબ એક જ શબ્દમાં આપો. ૧૦**

(૧) નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ કોનું પરિણમન હોય છે ? ......................

(૨) આત્મા અને શરીરનો એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં ક્યા લક્ષણથી આત્મા પરખાય છે ? ......................

(૩) સંયમને ધારણ કરનાર પણ શેના વશે વિષય ભોગમાં પ્રીતિ કરે છે ? ......................

(૪) લિંગની જેમ દેહાશ્રિત શું છે ? ......................

(૫) અંતરંગ વીતરાગ સ્વરૂપ આત્માના ધર્મ વિના બાહ્ય વેષમાત્રથી ધર્મની સંપત્તિરૂપ કોની પ્રાપ્તિ થતી નથી ? ............

**પ્રશ્ન-૪ : નીચેના પ્રશ્નના ''હા'' અથવા ''ના''માં જવાબ આપો. ૧૦**

(૧) સર્વ શાસ્ત્રોનો જાણનાર પણ ભેદવિજ્ઞાનના અભાવે મુક્તિને પ્રાપ્ત થતો નથી. ........

(૨) માત્ર લિંગ સંબંધીનો વિકલ્પ પણ આત્મ સાધનામાં બાધક બનતો નથી. ........

(૩) આગમમાં જાતિ અને લિંગથી પણ મોક્ષ થાય એવું પ્રતિપાદન કર્યું છે. ........

(૪) શરીરની ગતિ અને આત્મા વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ........

(૫) બહિરાત્મા શરીરને ચેતના રહિત જડ અને આત્માને જ્ઞાન દર્શન સ્વરૂપ જ સમજે છે. ........

**પ્રશ્ન-૫ : નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર ટૂંકનોંધ લખો. ૧૦**

(૧) અંતરાત્માને કઈ અવસ્થા ભ્રાંતિરૂપ ભાસતી નથી તે અન્વયે તેની પરિણતિ વિષે ટૂંકમાં જણાવો.

(૨) શરીરમાં આત્મબુદ્ધિ રાખનારનું ધારણારૂપ આત્મ શૂન્ય શાસ્ત્રજ્ઞાન બોજારૂપ શા માટે છે તે અંગે ટૂંકમાં જણાવો.

(૩) વ્રત-અવ્રતરૂપ એ બંને વિકલ્પ રહિત ઉદાસિન વીતરાગ શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે, તેનું વિવેચન કરો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૧૦-૩-૨૦૨૨ સુધી સોનગઢ પહોંચાડવા વિનંતી છે.